તુવેર અને અડદ દાળના ભાવમાં નોંધપાત્ર ઘટાડો

ચણાની દાળ, ખાંડ અને ઘઉંની કિંમતમાં હજુ પણ વધારો નોંધાયો : લોકસભામાં ગરમાગરમ ચર્ચા રહ્યા બાદ હોલસેલ અનાજ માર્કેટમાં તુવેર દાળ અને અડદ દાળની કિંમત ઘટી : કિંમતોમાં ઉતારચઢાવનો દોર યથાવત

નવી દિલ્હી, તા.૩૧

ચણાની દાળ, ખાંડ અને ઘઉંની કિંમતમાં તીવ્ર મોંઘવારી વચ્ચે વધારો થયો છે પરંતુ આ સપ્તાહના ગાળા દરમિયાન અડદ દાળની કિંમતમાં તથા તુવેર દાળની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તાજેતરમાં જ દાળ અને દેશમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારાના મુદ્દે લોકસભામાં પણ આકમક ગરમાગરમ ચર્ચા થઇ ચુકી છે. હોલસેલ અનાજના માર્કેટમાં તુવેરદાળ અને અડદ દાળની કિંમતમાં ઘટાડો થયો છે. આંકડા દર્શાવે છે કે, આસપ્તાહની શરૂઆતમાં જે ભાવ હતા તેની સરખાણમીમાં ભાવમાં ઘટાડો થયો છે. અડદ દાળના ભાવ ૧૪૭૦૦ રૂપિયાથી લઇ ક્વિન્ટલ દીઠ ૧૪૨૦૦ રૂપિયાની આસપાસ હતા. એટલે કે અડદ દાળની

કિંમતમાં પ્રતિ ક્વિન્ટલ ૫૦૦ રૂપિયાનો ઘઠાડો થઇ ચુક્યો છે અને હવે ભાવ ૧૩૨૦૦ રૂપિયા નોંધાયો છે. આવી જ રીતે તુવેર દાળના ભાવ ૧૩૫૦૦ રૂપિયા શુક્રવાર સુધી સ્થિર રહ્યા હતા. ત્યારબાદ તેમાં ઘટાડો થયો હતો અને સપ્તાહના અંતે ભાવ ૧૩૦૦૦ રૂપિયા પ્રતિક્વિન્ટલ રહ્યો છે એટલે કે તેમાં પણ પ્રતિ ક્વિન્ટલ ૫૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. ચણાની દાળના ભાવમાં પ્રતિક્વિન્ટલ ૧૦૦ રૂપિયાનો વધારો થતાં ભાવ હવે વધીને ૧૦૨૦૦ સુધી પહોંચી ગયો છે. અગાઉ ભાવ ૧૦૦૦૦થી લઇને ૯૯૫૦ રૂપિયા સુધીનો હતો. આવી જ રીતે જીવન જરૂરી ચીજવસ્તુઓમાં ગણાતી ખાંડની કિંમત પણ હવે વધીને ૩૯૨૦ સુધી પહોંચી ગઇ છે. એટલે કે તેની કિંમતમાં પ્રતિક્વિન્ટલ ૨૦ રૂપિયા સુધીનો વધારો થયો છે. મગ દાળની કિંમતમાં પ્રતિ ક્વિન્ટલ ૫૦૦ રૂપિયાનો વધારો થયો હતો પરંતુ હવે તેમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે.

પેટ્રોલ-ડિઝલમાં ભાવ ઘટાડો

પેટ્રોલમાં લીટરદીઠ ૧.૪૨, ડિઝલમાં ૨.૦૧નો ઘટાડો તરત અમલી : ગુજરાતમાં વેટને જોતા પેટ્રોલની કિંમતમાં ૧.૫૦ તેમજ ડિઝલની કિંમતમાં ૨.૧૫ રૂપિયાનો ઘટાડો થયો : અમદાવાદમાં પેટ્રોલના નવા ભાવ ₹૨.૭૫

નવીદિલ્હી,અમદાવાદ, તા.૩૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો હતો. આની સાથે જ સામાન્ય લોકોને મોટી રાહત મળી ગઈ હતી. વૈશ્વિક સ્થિતિના અનુસંધાનમાં આ મહિનામાં પેટ્રોલ ડિઝલની કિંમતમાં ત્રીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડિઝલના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧.૪૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જ્યારે ડિઝલની કિંમતમાં લિટરે દીઠ ૨.૦૧ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ગુજરાતમાં આ ઘટાડો વેટને જોતા પેટ્રોલ પર ૧.૫૦નો રહેશે જ્યારે ડિઝલ ઉપર ૨.૧૫ રૂપિયાનો રહેશે. એટલે કે ગુજરાતમાં રહેતા લોકોને વધુ ઘટાડો લાગૂ પડશે. એટલે કે રાહત પણ વધારે રહેશે. વેટને જોતા વધારે રહેશે. હવે અમદાવાદમાં પેટ્રોલનો ભાવ અગાઉ ₹૪.૧૭ના બદલે ₹૨.૭૫ રૂપિયા થશે જ્યારે અમદાવાદમાં ડીઝલનો ભાવ અગાઉ ₹૦.૩૩ની સામે ઘટીને ૫૮.૩૨ રહેશે. પેટ્રોલ ડીઝલના ભાવ હવે તાત્કાલિક ધોરણે અમલી કરવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં આજથી પેટ્રોલના ભાવ ₹૧.૦૯ રૂપિયા થશે. અગાઉ ₹૨.૫૧ હતા. આવી જ રીતે ડીઝલના ભાવ ઘટીને ૫૨.૨૭ રૂપિયા થશે. ડિઝલના રેટમાં અગાઉ ૧₹મી જુલાઈના દિવસે ઘટાડો કરવામાં આવ્યો હતો તે દિવસે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૨.૨૫નો અને ડીઝલની કિંમતમાં ૦.૪૨નો ઘટાડો કરવામાં આવ્યો હતો.તે પહેલા પહેલી જુલાઈના દિવસે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૮૯ પૈસા અને ડીઝલમાં ૪૯ પૈસાનો

ઘટાડો કરવામાં આવ્યો હતો. જુલાઈ મહિનામાં ઘટાડા પહેલા રેટમાં પહેલી મે બાદથી ચાર વખત વધારો કરાયો હતો. પેટ્રોલની કિંમતમાં ચાર વખતમાં વધારો લીટરદીઠ ૪.૫૨ રૂપિયા અને ડીઝલમાં લીટરદીઠ ૭.૭૨ રૂપિયાનો ઘટાડો કરાયો હતો.

આંતરરાષ્ટ્રીય પેટ્રોલ ડીઝલની કિંમતમાં સપાટી અમેરિકી ડોલર-રૂપિયાના આધાર પર જોવામાં આવે છે. ૧₹મી એપ્રિલને બાદ કરતા પેટ્રોલ ડીઝલની કિંમતમાં વારંવાર ફેરફાર થયા છે. ૧₹મી જુલાઈના દિવસે પણ પેટ્રોલ ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકોને પેટ્રોલ ડિઝલની કિંમતમાં ઘટાડાથી મોટી રાહત મળશે. હાલમાં તમામ ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે.

આડેધડ એન્ટીબાયોટિક દવાઓ નહી લેવા પ્રધાનમંત્રીની અપીલ

તરત રાહત મેળવવા એન્ટીબાયોટિક દવાનો ઉપયોગ ગંભીર સંકટો સર્જી શકે છે : સગર્ભા મહિલાને મફત તબીબી ચકાસણીનો લાભ ઉઠાવવા અપીલ

નવી દિલ્હી, તા.૩૧

નવીદિલ્હી વડાપ્રધાન નેરન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી જેમાં રિયો ઓલિમ્પિક, એન્ટીબાયોટિક દવાઓ, ફ્રોડ મેસેજ, ઈમેઈલ, ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓના મફત ચેકઅપ સહિતના મુદ્દા ઉપર વાત કરી હતી. મોદીએ મન કી બાત કાર્યક્રમની શરૂઆતમાં રિયો ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધારવાનો પ્રયાસ કર્યો હતો. સાથેસાથે એન્ટી બાયોટિક દવાઓથી બચવાની વાત પણ કરી હતી. મોદીએ મન કી બાત કાર્યક્રમના ૨ ૨માં કાર્યક્રમમાં દેશના લોકોને કેટલાક નવા મુદ્દા ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, એન્ટીબાયોટિક દવાઓનો અંધાધૂંધ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જે ખતરનાક છે. મોદીએ પૂરગ્રસ્ત રાજ્યોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર તમામ રાજ્યોને પુરતી મદદ આપવા માટે તૈયાર છે. મોદીએ રિયો ઓલિમ્પિક માટે ભારતીય ખેલાડીઓને શુભકામના આપી હતી. મોદીએ દેશના લોકોને ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધારવા માટે પણ અપીલ કરી હતી. મોદીએ ખેલાડીઓના કઠોર પરિશ્રમનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ખેલાડી રાતોરાત બની જતાં નથી. આમા ખુબ મહેનત લાગે છે. ખેલાડીઓ સુધી લોકોના સંદેશને પહોંચાડવા માટે પોસ્ટમેન બનવાની તૈયારી પણ મોદીએ બતાવી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, થોડાક દિવસ બાદ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આવા સમયમાં લાલ કિલ્લા પરથી કઈ બાબતો રજૂ થવી

જોઈએ તે અંગે તેમને સૂચનો મોકલવા પણ મોદીએ લોકોને આમંત્રણ આપ્યું હતું. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના સપનાઓનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે,સરકાર આ દિશામાં વધી રહી છે. કલામના સપનાને પૂર્ણ કરવા માટે કયા પગલા લેવામાં આવી રહ્યા છે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અટલ ઈનોવેશન મિશનને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. ભારત સરકારે અટલ ટિકરિંગ લેબની યોજના બનાવી છે.સ્કૂલોમાં આવી લેબ માટે આર્થિક મદદ કરાઈ રહી છે. ૧૩૦૦૦થી વધુ સ્કૂલોએ આના માટે અરજી કરી છે. મોદીએ કહ્યું હતું કે, તાજેતરના સમયમાં લોકો એન્ટીબાયોટિક દવાઓનો આડેધડ ઉપયોગ કરી રહ્યા છે. લાઈફ ભાગદોડવાળી બની ગઈ હોવાથી લોકો વિચાર્યા વગર દવાઓનો ઉપયોગ કરી રહ્યા છે. તરત રાહત મેળવી લેવા આ પ્રકારની દવાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. આ ટેવ ગંભીર સંકટ સર્જી શકે છે. તબીબોની સલાહ વગર આવી દવા ન લેવા મોદીએ તમામ લોકોને કહ્યું હતું. એન્ટીબાયોટિક વધુ પ્રમાણમાં લેવાથી શરીરની રોગપ્રતિકકારક શક્તિ ખતમ થઈ જાય છે. ડોક્ટરો મુજબ જ દવા લેવા માટે તેમણે કહ્યું હતું. મોદીએ ફોન ઉપર આવતા ફ્રોડ કોલ અને ઈમેઈલને લઈને પણ દેશના લોકોને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, આના કારણે લાખોની છેતરપિંડી થઈ જાય છે.કોઈપણ અજાણ મેસેજ અને ઈમેઈલ બાદ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ નંબર ન આપવા તેમણે કહ્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, દર મહિનાની નવમી તારીખે તમામ સગર્ભા મહિલાઓની સરકારી હોસ્પિટલમાં મફતમાં તપાસ કરવામાં આવશે. તબીબોને અપીલ કરતા મોદીએ સાલમાં ૧૨ દિવસ ગરીબોના નામે આપવા કહ્યું હતું.

મુંબઈમાં ઈમારત ધરાશાયી

આઠના મોત : અનેક લોકો કાટમાળ હેઠળ દટાઈ ગયા : ધરાશાયી થયેલી ઇમારત પહેલાથી ખતરનાક ઇમારતોની યાદીમાં સામેલ રહી હતીઃ તંત્ર દ્વારા નોટિસ અપાઈ હતી

મુંબઈ,તા. ૩૧

મુંબઈ નજીક ભીવંડીમાં આજે એક ત્રણ માળની ઈમારત ધરાશાયી થઈ જતાં ઓછામાં ઓછા ૮ લોકોના મોત થઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે અને અન્ય ત્રીસથી વધુ લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. ભીવંડીના ગરીબીનગર વિસ્તારમાં ઈમારત કબીર ખુબ ખરાબ હાલતમાં હતી. સવારે ૯.૧૫ વાગ્યાની આસપાસ આ ઈમારત અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. તમામ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.

પોલીસના કહેવા મુજબ તમામ મૃતકોની ઓળખ પણ કરી લેવામાં આવી હતી. ભીવંડી, નિઝામપુરા નગરનિગમના અધિકારીઓએ કહ્યું હતું કે, આ ઈમારત પહેલાથી જ ખતરનાક ઈમારતોની યાદીમાં સામેલ હતી. આની સામે નોટિસ પણ જારી કરવામાં આવી હતી. જો કે, આ બનાવ બન્યા બાદ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. મોતનો આંકડો વધી શકે છે. કારણ કે જીવતા બહાર કાઢવામાં આવેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તાજેતરમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે ત્યારે જુની ઈમારતો સામે નોટિસ જારી કરવામાં આવી ચુકી છે. તંત્ર દ્વારા તમામ સંભવિત પગલા આવા બનાવને ટાળવા માટે લેવાઈ રહ્યા છે.

કાશ્મીર ખીણના ઘણા ભાગમાં હજુ કર્ફ્યુ : અભૂતપૂર્વ સુરક્ષા

પુલવામાં કુલગામ અને સોપિયનના ઘણા ભાગોમાં કરફ્યુ શાંતિપૂર્ણ માહોલમાં કેટની મહત્વની પરીક્ષા યોજાઈ ગઈ

શ્રીનગર,તા. ૩૧

કાશ્મીર ખીણમાં સંચારબંધી અને નિયંત્રણો આજે પણ યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કારણ કે અલગતાવાદીઓ દ્વારા પાંચમી ઓગષ્ટ સુધી તેમના બંધના કાર્યક્રમને લંબાવી દેવાનો નિર્ણય કર્યો છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યુ હતુ કે પુલવામાં, કુલગામ અને સોપિયન શહેરમાં સંચારબંધી જારી રહી છે. બીજી બાજુ ખીણના અન્ય ભાગોમાં નિયંત્રણો યથાવતરીતે જારી રાખવામાં આવ્યા છે. શ્રીનગરના જુના શહેર વિસ્તારમાં પણ સંચારબંધી જારી રાખવામાં આવી છે. પરિસ્થિતીને ગંભીરરીતે અને સાવધાનીપૂર્વક સેના હાથ ધરી રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૮મી જુલાઈના દિવસે એન્કાઉન્ટરમાં હિઝબુલ મુઝાહિદ્દીનના કમાન્ડર બુરહાન વાનીના મોત બાદ કાશ્મીર ખીણમાં હિંસા ભડકી ઉઠી હતી. કાશ્મીરમાં હાલમાં થયેલી અંધાધૂંધીમાં મોતનો આંકડો વધીને ૫૦ ઉપર પહોંચી ગયો હતો. છેલ્લા ૧૭ દિવસની હિંસામાં ૧૫૦૦ સુરક્ષા જવાનો સહિત ૫૫૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા.

નવમી જુલાઈના દિવસે ખીણમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. તેના બે સાગરીત સાથે આઠમી જુલાઈના દિવસે અથડામણમાં ૨૨ વર્ષીય હિજબુલ કમાન્ડર બુરહાન વાની ઠાર થયા બાદથી હિંસાનો દોર ચાલી રહ્યો હતો. જો કે, કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો હાલમાં જારી રાખવામાં આવ્યા છે.

આજે સવારે શ્રીનગર શહેરમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ ૧૦ જિલ્લાઓના વિદ્યાર્થીઓ પહોંચ્યા હતા. બોર્ડ ઓફ પ્રોફેશનલ એન્ટ્રન્સ એક્ઝામિનેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જમ્મુ કાશ્મીરમાં જુદી જુદી કોલેજોમાં એમબીબીએસના કોર્સમાં પ્રવેશ માટે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

હવે નર્મદા ડેમ ઓવરફ્લો થવાની તૈયારીમાં

અમદાવાદ,તા. ૩૧

નર્મદા ડેમની સપાટી હાલમાં સતત વધી રહી છે. સપાટીમાં કલાકે એક સેન્ટીમીટરનો વધારો થઈ રહ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. મધ્યપ્રદેશમાં સ્થિત ઈન્દિરા સાગર ડેમ તથા ઓમકારેશ્વર ડેમના પાવર હાઉસમાં ૮-૮ ટર્બાઈન હાલમાં ચાલી રહ્યા હોવાથી પાણીની આવક વધી જવાના સંકેત દેખાઈ રહ્યા છે. પાણીની આવક વધારવાના લીધે નર્મદા ડેમની સપાટીમાંસતત વધારો થઈ રહ્યો છે. ઓવરફ્લો થવાની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. બીજી બાજુ મોટી સંખ્યામાં પહોંચનાર પ્રવાસીઓને આવકારવા માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે. પોલીસ અને એસઆરપીના જવાનો પણ પહેલાથી જ ગોઠવી દેવામાં આવ્યા છે. ઓવરફ્લો થતાં ડેમને જોવા માટે દર વર્ષે મોટી સંખ્યામાં લોકો પહોંચે છે. આ વખતે ઉપરવાસમાંથી પાણીની આવકને ધ્યાનમાં લઈને ૧૦મી ઓગસ્ટ પહેલા જ નર્મદા ડેમ ઓવરફ્લો થઈ જાય તેવી શક્યતા પ્રબળ બની છે. પ્રવાસીઓ ઉત્સુકતાપૂર્વક રાહ પણ જોઈ રહ્યા છે. તંત્ર દ્વારા એલર્ટની જાહેરાતકરી દેવામાં આવી છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમને ગણવામાં આવે છે. સરદાર સરોવરમાં જંગી આવક થઈ રહી હોવાથી નર્મદા ડેમની સપાટી હવે ૧૨૦ મીટરની સપાટી ઉપર પહોંચી છે અને ઓવરફ્લોથી થોડાક મીટરના અંતરે રહી ગઈ છે. આવી સ્થિતિમાં ગણતરીના દિવસોમાં જ નર્મદા ડેમ ઓવરફ્લો થઈ જાય તેવી શક્યતા પ્રબળ બની છે. છેલ્લા કેટલાક દિવસથી નર્મદા ડેમની જળસપાટી ઉપર નજર રાખવામાં આવી રહી છે. વહીવટીતંત્ર દ્વારા પણ પરિસ્થિતિ ઉપર નજર રાખાઈ રહી છે.

દલિતોના શપથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓગષ્ટના રોજ ઉના ખાતે રાષ્ટ્રધ્વજને સલામી આપશે.

આ ઉપરાંત ઉનાકાંડની ઘટનાના વિરોધમાં આવતીકાલથી રાજ્યમાં મરેલા પશુઓ નહી ઉપાડવાનો નિર્ણય પણ આ મહાસંમેલમાં લઈને જાહેર કરવામાં આવ્યો છે.

ઉનાના મોટા સમઢિયાળાના ચાર દલિતો યુવાનો પર અત્યાચાર કરનાર આરોપીઓને પાંચ જિલ્લામાંથી તડીપાર કરવા અથવા તો પાસાના પગલા ભરવાની માંગણી પણ આ સંમેલનમાં કરવામાં આવી છે.

ભાગોમાં વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા હતા જેના ભાગરુપે જોશીપુરા અન્ડરબ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. બીજી બાજુ રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ જુદા જુદા ભાગોમાં વરસાદ થયો છે જેમાં વલસાડમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. આજે જે વિસ્તારમાં વધારે વરસાદ થયો છે ઉત્તર ગુજરાતના જે વિસ્તારમાં વરસાદ થયો છે તેમાં બહુચરાજી, મહેસાણા, ઉંઝા, જોટાણા, કડી, પારડી, કપરાડાનો સમાવેશ થાય છે. તાપી જિલ્લામાં સરેરાશ બે ઈંચ વરસાદ થયો છે જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, સોમનાથમાં પણ મૂશળધાર વરસાદ થયો છે. ધરમપુરમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે.

રાજકોટમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે. વલસાડના જુદા જુદા ભાગોમાં પણ નોંધપાત્ર વરસાદ થયો છે. બીજી બાજુ હવામાન વિભાગે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. જેથી તંત્ર સાબદુ થઈ ગયું છે.

ડીડીઓ નારાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાઓમાં ધીમી કામગીરી ચાલી રહી છે. બન્ને આવાસ યોજનાના કામોમાં ગતિ આવે તે માટે તેમણે તંત્રના અધિકારીઓને દર અઠવાડિયે પ્રગતિની સમીક્ષા કરવા જણાવ્યું છે.

જિલ્લામાં આવાસ યોજનાના અસરકારક અમલીકરણ માટે ઓગષ્ટના બીજા પખવાડિયામાં પુનઃ સમીક્ષા બેઠક યોજવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે.

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

એ-વીંગ, પ્રથમ માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમની પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર

અનુસૂચિત જાતિના ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય

માર્ચ-૨૦૧૬માં ધોરણ-૧૦ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય નીચેની શરતોને આધિન આપવામાં આવશે. આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી એક માસ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. માર્ચ-૨૦૧૬માં ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૦%થી વધુ ગુણ મેળવી પાસ થનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અને ધોરણ-૧૨માં સહાય આપવામાં આવશે.

૨. વિજ્ઞાન પ્રવાહમાં વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦/- સુધીની કૌટુંબિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને નીચે મુજબ ટ્યુશન સહાય આપવામાં આવશે.

ધોરણ વિજ્ઞાન પ્રવાહ

૧૧ રૂ. ૧૫,૦૦૦/- સુધીની મર્યાદામાં

૧૨ રૂ. ૧૫,૦૦૦/- સુધીની મર્યાદામાં

૩. જેમને ધોરણ-૧૧માં સહાય મળેલ હોય તેઓને જ ધોરણ-૧૨માં ટ્યુશન સહાય આપવામાં આવશે.

૪. ૭૦% કે તેથી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની અરજી દફતરે કરવામાં આવશે. (પર્સનટાઈલ ધ્યાને લેવામાં આવશે નહી)

૫. નિયત અરજી પત્રકો વિના મૂલ્યે કચેરી સમય દરમિયાન મળી રહેશે.

૬. સંપૂર્ણ ભરેલા અરજીપત્રકો સાધનિક કાગળો સાથે અત્રેની કચેરીને જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી એક માસમાં મોકલી આપવાના રહેશે.

૭. નિયત સમય મર્યાદા બહાર મલેલ અરજીઓ દફતરે કરવામાં આવશે.

નોંધ. : આ યોજનાની વધુ જાણકારી માટે અત્રેની કચેરીનો સંપર્ક સાધવો.

(બી. પી. સોયંતર)

નાયબ નિયામક

માહિતી/૧૧૧૨/૨૦૧૬-૧૭ અનુસૂચિત જાતિ કલ્યાણ, જિ. ગાંધીનગર